# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૯/ક્વા-૨/૨૧-૨૨/૫૯૦૦-૩ તા.૦૭.૧૦.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૯/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર :ચંદુભાઈવલ્લભભાઈઠુંમર ગામ: ગોંડલ
પેટા વિભાગીય કચેરી : ગોંડલ ગ્રામ્ય-૧
રજૂઆત કરનાર :અરજદાર ચંદુભાઈવલ્લભભાઈઠુંમરહાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - ગોંડલ
રજૂઆત કરનાર : વી.જી.મારકણા કાર્યપાલક ઈજનેર શ્રીપી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –ગોંડલ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૯-૨૧ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩-૦૯-૨૧ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર ચંદુભાઈવલ્લભભાઈઠુંમરઅને તેમની સાથે વોરા જયંતીભાઈ પી. હાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી વી.જી.મારકણા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –ગોંડલહાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની ફરીથી સુનાવણી તા.૨૯-૦૯-૨૧ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ચંદુભાઈવલ્લભભાઈઠુંમર હાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી વી.જી.મારકણા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –ગોંડલહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગોંડલ ગ્રામ્ય-૧ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૩૧૦૧/૦૧૦૧૫/૨ થી ૪૨ KW નું થ્રી ફેઇઝ ઔદ્યોગિક વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણનું મીટર તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ તેમજ તા.૦૮/૦૩/૨૦૨૧ નાં રોજ સદર મીટરનું લેબપરિક્ષણ અરજદારની હાજરીમાં કરવામાં આવેલ જેઅનુસંધાને તા.૧૦/૦૩/૨૦૨૧ના રોજ GRSD-૨૨૭૩ થી રૂ.૧૧૧૩૬૪૦-૪૪ પૈસાનું કલમ ૧૨૬ હેઠળનું કામચલાઉ આકારણી બીલ સંલગ્ન કચેરી દ્વારા અરજદારને આપવામાં આવ્યું.

૨.૧ સદર બીલ સામે અરજદાર દ્વારા તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ વાંધા અરજી કરેલ પરંતુ કચેરી દ્વારા સદર અરજી બાબતે કોઈ પ્રત્યુત્તર ન મળવાના લીધે અરજદાર દ્વારા તા.૧૨/૦૬/૨૦૨૧ ના રોજ રૂ.૫૦/- ના સ્ટેમ્પ પર નોટરી કરાવી બીજીવાર વાંધા અરજી આપેલ.

૨.૨ સદર બીજી અરજીના અનુસંધાને સંલગ્ન કચેરી દ્વારા તા.૦૮/૦૭/૨૦૨૧ ના રોજ અરજદારને કલમ ૧૨૬ હેઠળ અપાયેલ પુરવણી બીલને મીટર સ્લોનેસના બીલમાં રૂપાંતરિત કરી આપવામાં આવ્યું છે. પરતું સદર બીલમાં બીલની રકમમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. અરજદાર વધુમાં જણાવે છે કે તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ તેઓના થ્રી ફેઇઝ ઔદ્યોગિક વીજજોડાણમાં જીનસ કંપનીનું નં. PGST-૧૬૬૧૩૨ – રીડીંગ ૨૦ (વીસ) થી નવું વીજમીટર લેબ ટેસ્ટ કરીને મુકવામાં આવેલ સદર મીટર ત્યારથી જ ફોલ્ટી હતું. આમ અરજદાર દ્વારા કલમ ૧૨૬ હેઠળનું બીલ જે મીટર સ્લોનેસમાં તબદીલ કરી આપવામાં આવ્યું છે જે નિયમ મુજબ ન હોય સદર બીલ નિયમ મુજબ આપવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયેપી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગ્રાહક નુ નામ :- ચંદુભાઇ વલ્લભભાઇ ઠુંમર, ગામ:- ગોંડલતારીખ તા.૦૭.૦૬.૨૦૧૧થી 42KWનું LTMD કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે.

૩.૧ સદર વીજજોડાણનું મીટર તા.૨૦.૦૧.૨૦૨૧ ના રોજ અરજદારની હાજરીમાં બદલાવેલ જેની તપાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૮-૦૩-૨૦૨૧ ના રોજ અરજદારની હાજરીમાં કરવામાં આવેલ તેના લેબ રીપોર્ટ અને એમ.આર.આઈ. અહેવાલ મુજબ તા.૦૬-૦૪-૨૦૧૭ થી **Y-Phase** ના વોલ્ટેજ “0” બતાવતા હોય જે અનુસંધાને વીજળી અધીનિયમન -૨૦૦૩ હેઠળનું કલમ-૧૨૬ હેઠળ ૩૯.૯૦% સ્લોનેશ અંગેનું કામચલાઉ આકારણી બીલ પત્ર નં **GRSD-I/REV/THE/2273 Dt.10.03.2021** થી સલગ્ન કચેરી દ્વારા અરજદારને આપવામાં આવેલ.

૩.૨ અરજદારશ્રી દ્વારા સદર સ્લોનેસ બીલ સામે વાંધા અરજી તા.૧૨.૦૬.૨૦૨૧ ના રોજ મળેલ. અરદારશ્રીની સ્લોનેસ બીલની અરજીનો પ્રત્યુતર પત્ર નં. **GRSD-I/REV/THE/4714 Dt.25.06.2021** થી આપેલ જેની નકલ અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે.જે અનુસંધાને પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન કચેરી દ્વારા તા.૦૮-૦૭-૨૦૨૧ થી લેખિતપત્રથી અરજદારને સ્પષ્ટ કરેલ છે કે સદર બીલ ૧૨૬ ની કલમ હેઠળનું નહિ પરંતુ સ્લોનેશનું બીલ છે જે ભરપાઈ કરવા જણાવેલ છે.

૩.૩ સદર બિલનો સમયગાળો - ગુજરાત વિધુત આયોગ વિનિયમોના વિધુત જાહેરનામા ક્રમાંક ૨૦૧૫ ના ક્લોઝ નં૭.૭ ના મુદા નંબર ૪ (ચાર) મુજબ - એમ.આર.આઇ.રીપોર્ટમાં ચોકકસ સમયગાળો અને તારીખ દર્શાવતા હોવાથીતે તારીખથી પુરવણી બીલની ગણતરી કરી ગ્રાહકને રૂ.૧૧૧૩૬૪૦-૪૪ નું બીલ આપેલ છે.

વધુમાં સદર ગ્રાહકની માંગણી અનુસાર તમામ ડોક્યુમેન્ટ જેવા કે લેબરેકર્ડવીજપ્રસ્થાપન તપાસણી અહેવાલ\ લેબરીપોર્ટએમ.આર.આઈ. રીપોર્ટ પણ પુરા પાડેલ છે. જેથી લેબ તપાસણી અહેવાલના આધારે બનાવેલ આકારણી બીલ મુજબ ગ્રાહકને ભરપાઈ કરવાની થતી રકમ રૂ.૧૧,૧૩,૬૪૦.૪૪ (અંકે અગિયારલાખ તેર હજાર છસો ચાલીસ અને ચુમાલીસ પૈસા) ની જાણ પણ ગ્રાહકને ઉપરોક્ત જીઆરએસડી-૧/રેવ/થેફ્ટ/૫૨૭૯/તા ૧૬-૦૭-૨૦૨૧ તથા જીઆરએસડી-૧/રેવ/થેફ્ટ/૪૭૧૪તા ૨૫-૦૬-૨૦૨૧ થી કરેલ છે.

૩.૨ ફોરમની સુનાવણી તારીખ ૦૩-૦૯-૨૦૨૧ ના અનુસંધાને અપાયેલ સુચના મુજબ સદર ગ્રાહકશ્રી ના કેઈસમાં રોજે રોજ ના વીજવપરાશની વિગત તથા મહતમ ડીમાંડની સવાલવાળા મીટરની, ત્યારબાદ બદલાવેલ મીટરની તેમજ હાલ સ્થળ પર લાગેલ મીટરની વિગત ફોરમ સમક્ષ રજુ કરેલ છે તે મુજબ સ્લોનેસવાળા મીટર કરતા ત્યારબાદ બદલાવેલ મીટર તથા હાલના મીટરના દરરોજના વપરાશમાં તેમજ એમ.ડી. માં પણ વધારો નોંધાયેલ છે જેનું વિગતવાર પત્રક ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારેકરેલલેખિત તેમજ મૌખિકરજૂઆતતથાસામાવાળાની લેખિત તેમજ મૌખિકરજૂઆતઅનેરજૂકરાયેલાદસ્તાવેજી પુરાવાઓના આધારેફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત મુજબ તેઓ ગોંડલગ્રામ્ય-૧ પેટાવિભાગીય ખાતેગ્રાહક નં. ૩૩૧૦૧/૦૧૦૧૫/રથી ૪૨ KW નું થ્રી ફેઇઝ ઔદ્યોગિક વીજજોડાણ તા.૦૭-૦૬-૧૧ થી ધરાવે છે.

૪.૨ સદર વીજજોડાણનું સવાલવાળુ મીટર તા.૦૧.૦૪.૨૦૧૭ થી મુકાયેલ હતું. સદર મીટરનું આઈ.સી.સ્કવોર્ડ ગોંડલ વિભાગીય કચેરી દ્વારા તા.૧૮-૦૧-૨૧ ના રોજ ચેકિંગશીટ નં **–RRC-261256** મુજબ "સદર મીટરના પેરામીટર ચેક કરતા (હાલ લોડ ચાલુ છે) – એક ફેઇઝ **(Y-Phase)** નું રીડીંગ "0" બતાવે છે. જેથી એક્યુંચેક મીટરથી ટેસ્ટ લેતા મીટર -૩૯.૯૦% એરર જોવા મળેલ છે. જે અનુસંધાને તા.૨૦-૦૧-૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરી દ્વારા અરજદારશ્રીની હાજરીમાં મીટર પેટી સહીત – મીટરને પેપરપેક કરી બદલાવેલ છે. ત્યારબાદ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં સદર મીટરનું તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ અરજદારશ્રીની હાજરીમાં કરાયેલ લેબ પરીક્ષણના રીપોર્ટ મુજબ–મીટરના એમ.આર.આઈ. ના ડેટા મુજબ તા.૦૬-૦૪-૨૦૧૭ થી **Y-Phase** ની **PT** એટલેકે વોલ્ટેજ "0" બતાવે છે. જે આઈ.સી.સ્કવોર્ડની ચેકિંગશીટ સાથે સુસંગત છે સદર **PT** મીસીંગ તા.૧૮-૦૧-૨૧ સુધી બતાવે છે.

૪.૩ ઉપરોક્ત બાબતે ગુજરાત વિધુત આયોગ વિનિયમોના વિધુત જાહેરનામા ક્રમાંક ૨૦૧૫ ના ક્લોઝ નં૭.૭ ના મુદા નંબર ૪ (ચાર) મુજબ - એમ.આર.આઈ. અહેવાલમાં ચોક્કસ સમયગાળો અને તારીખ દર્શાવતા હોવાથી સદર સમયગાળાનું એપ્રિલ-૨૦૧૭ થી માહે જાન્યુઆરી-૨૧ સુધીના સમયગાળાનું રૂ.૧૧૧૩૬૪૦-૪૪ નું પુરવણીબિલપી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૦-૦૩-૨૧ અને તા.૨૫-૦૬-૨૧ ના રોજ અરજદારને રજીસ્ટર એડી પત્ર દ્વારા મોકલાવવામાં આવેલ.

૪.૪ ઉપરોક્ત બીલની સામે અરજદાર દ્વારા વાંધા અરજી તા.૧૨.૦૬.૨૦૨૧ મુજબ ચેકિંગશીટ અને લેબરીપોર્ટ મુજબ મીટર સ્લો ફરતું હોય જેમાં પાવરચોરી કે કોઈ ગેરરીતી કરેલ ન હોય – ૧૨૬ ની કલમ અન્વયે અપાયેલ બીલ સપ્લાયકોડ મુજબ બીલ રીવાઈઝ કરવું જે અન્વયે પી.જી.વી.સી.એલ.ના પત્ર તા.૦૮-૦૭-૨૧ તેમજ તા.૧૬-૦૭-૨૧ થી અરજદારને જણાવેલ કે સદર બીલ સ્લોનેશનુંજ છે - જે ૧૨૬ની કલમ અન્વયેનું નથી. જેથી સદર બીલની રકમ રૂ.૧૧૧૩૬૪૦-૪૪ વહેલી તકે ભરપાઈ કરવા અરજદારને જાણ કરેલ છે. જે

અનુસંધાને અરજદાર દ્વારા સ્લોનેશના બીલની રકમમાં કોઈ ફેરફાર કરેલ ન હોય ન્યાય મેળવવા માટે ફોરમ સમક્ષ તા.૧૩-૦૭-૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ છે.

૪.૫ અરજદારના સવાલવાળા વીજમીટરમાં અને સદર વીજમીટર બદલ્યા બાદ, બન્ને મીટરના લીધેલ એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ વીજવપરાશની વિગત નીચે મુજબ છે.

| SLOWNESS DETECTION METER, METER NO- PG166132 | | | | AFTER REPLACED METER, METER NO-PG 179743 | | | |
|---|---|---|---|---|---|---|---|
| Date | Active Energy (Kwh) | PER DAY CONSUMPTION | MD MONTH WISE (KW) | METER Date | Active Energy (Kwh) | PER DAY CONSUMPTION | MD MONTH WISE(KW) |
| 21-01-21 | 235218.78 | 0.19 | 48.38 | 14-08-21 | 49837.66 | 0.63 | 76.02 |
| 20-01-21 | 235218.59 | 15.91 | | 13-08-21 | 49837.03 | 0.88 | |
| 19-01-21 | 235202.68 | 274.32 | | 12-08-21 | 49836.15 | 0.71 | |
| 18-01-21 | 234928.36 | 355.25 | | 11-08-21 | 49835.44 | 1 | |
| 17-01-21 | 234573.11 | 396.78 | | 10-08-21 | 49834.44 | 704.74 | |
| 16-01-21 | 234176.33 | 122.14 | | 09-08-21 | 49129.7 | 29.84 | |
| 15-01-21 | 234054.19 | 9.87 | | 08-08-21 | 49099.86 | 6.02 | |
| 14-01-21 | 234044.32 | 7.93 | | 07-08-21 | 49093.84 | 3.98 | |
| 13-01-21 | 234036.39 | 443.81 | | 06-08-21 | 49089.86 | 743.36 | |
| 12-01-21 | 233592.58 | 33.76 | | 05-08-21 | 48346.5 | 0.53 | |
| 11-01-21 | 233558.82 | 430.79 | | 04-08-21 | 48345.97 | 671.37 | |
| 10-01-21 | 233128.03 | 442.91 | | 03-08-21 | 47674.6 | 2.31 | |
| 09-01-21 | 232685.12 | 26.3 | | 02-08-21 | 47672.29 | 1.14 | |
| 08-01-21 | 232658.82 | 420.23 | | 01-08-21 | 47671.15 | 4.13 | |
| 07-01-21 | 232238.59 | 15.89 | | 31-07-21 | 47667.02 | 634.83 | 74.84 |
| 06-01-21 | 232222.7 | 15.84 | | 30-07-21 | 47032.19 | 634.72 | |
| 05-01-21 | 232206.86 | 424.36 | | 29-07-21 | 46397.47 | 0.55 | |
| 04-01-21 | 231782.5 | 74.36 | | 28-07-21 | 46396.92 | 0.59 | |
| 03-01-21 | 231708.14 | 481.6 | | 27-07-21 | 46396.33 | 0.73 | |
| 02-01-21 | 231226.54 | 101.5 | | 26-07-21 | 46395.6 | 0.85 | |
| 01-01-21 | 231125.04 | 449.23 | | 25-07-21 | 46394.75 | 5.47 | |
| 31-12-20 | 230675.81 | 52.7 | 50.26 | 24-07-21 | 46389.28 | 573.23 | |
| 30-12-20 | 230623.11 | 59.53 | | 23-07-21 | 45816.05 | 686.68 | |
| 29-12-20 | 230563.58 | 47.06 | | 22-07-21 | 45129.37 | 0 | |
| 28-12-20 | 230516.52 | 56.81 | | 21-07-21 | 45129.37 | 685.78 | |
| 27-12-20 | 230459.71 | 323.05 | | 20-07-21 | 44443.59 | 44.49 | |
| 26-12-20 | 230136.66 | 457.62 | | 19-07-21 | 44399.1 | 48.51 | |
| 25-12-20 | 229679.04 | 472.41 | | 18-07-21 | 44350.59 | 1.79 | |
| 24-12-20 | 229206.63 | 30.03 | | 17-07-21 | 44348.8 | 626.09 | |
| 23-12-20 | 229176.6 | 45.86 | | 16-07-21 | 43722.71 | 0.75 | |
| 22-12-20 | 229130.74 | 270.33 | | 15-07-21 | 43721.96 | 0.64 | |
| 21-12-20 | 228860.41 | 549.74 | | 14-07-21 | 43721.32 | 613.96 | |
| 20-12-20 | 228310.67 | 484.53 | | 13-07-21 | 43107.36 | 584.98 | |
| 19-12-20 | 227826.14 | 55.39 | | 12-07-21 | 42522.38 | 42.14 | |
| 18-12-20 | 227770.75 | 650.25 | | 11-07-21 | 42480.24 | 462.79 | |
| 17-12-20 | 227120.5 | 211.07 | | 10-07-21 | 42017.45 | 545.03 | |
| 16-12-20 | 226909.43 | 452.95 | | 09-07-21 | 41472.42 | 35.57 | |
| 15-12-20 | 226456.48 | 228.9 | | 08-07-21 | 41436.85 | 0.56 | |
| 14-12-20 | 226227.58 | 285.6 | | 07-07-21 | 41436.29 | 663.3 | |
| 13-12-20 | 225941.98 | 127.64 | | 06-07-21 | 40772.99 | 675.84 | |
| 12-12-20 | 225814.34 | 24.74 | | 05-07-21 | 40097.15 | 1.85 | |
| 11-12-20 | 225789.6 | 82.58 | | 04-07-21 | 40095.3 | 5.08 | |
| 10-12-20 | 225707.02 | 132.55 | | 03-07-21 | 40090.22 | 614.59 | |
| 09-12-20 | 225574.47 | 128.88 | | 02-07-21 | 39475.63 | 62.69 | |
| 08-12-20 | 225445.59 | 321.65 | | 01-07-21 | 39412.94 | 0.44 | |
| 07-12-20 | 225123.94 | 259.85 | | 30-06-21 | 39412.5 | 25.83 | 69.76 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 06-12-20 | 224864.09 | 286.81 | | 29-06-21 | 39386.67 | 0.93 | |
| 05-12-20 | 224577.28 | 253.7 | | 28-06-21 | 39385.74 | 660.86 | |
| 04-12-20 | 224323.58 | 274.31 | | 27-06-21 | 38724.88 | 8.57 | |
| 03-12-20 | 224049.27 | 207.21 | | 26-06-21 | 38716.31 | 684.26 | |
| 02-12-20 | 223842.06 | 38.63 | | 25-06-21 | 38032.05 | 673.68 | |
| 01-12-20 | 223803.43 | 271.2 | | 24-06-21 | 37358.37 | 0.49 | |
| 30-11-20 | 223532.23 | 224.25 | 45.7 | 23-06-21 | 37357.88 | 625.63 | |
| 29-11-20 | 223307.98 | 292.19 | | 22-06-21 | 36732.25 | 39.43 | |
| 28-11-20 | 223015.79 | 378.31 | | 21-06-21 | 36692.82 | 0.84 | |
| 27-11-20 | 222637.48 | 428.52 | | 20-06-21 | 36691.98 | 494.44 | |
| 26-11-20 | 222208.96 | 26.61 | | 19-06-21 | 36197.54 | 185.77 | |
| 25-11-20 | 222182.35 | 29.08 | | 18-06-21 | 36011.77 | 41.57 | |
| 24-11-20 | 222153.27 | 74.01 | | 17-06-21 | 35970.2 | 0.73 | |
| 23-11-20 | 222079.26 | 381.77 | | 16-06-21 | 35969.47 | 569.99 | |
| 22-11-20 | 221697.49 | 73.83 | | 15-06-21 | 35399.48 | 636.92 | |
| 21-11-20 | 221623.66 | 452.47 | | 14-06-21 | 34762.56 | 2.23 | |
| 20-11-20 | 221171.19 | 260.64 | | 13-06-21 | 34760.33 | 637.2 | |
| 19-11-20 | 220910.55 | 24.57 | | 12-06-21 | 34123.13 | 1.46 | |
| 18-11-20 | 220885.98 | 24.47 | | 11-06-21 | 34121.67 | 3.95 | |
| 17-11-20 | 220861.51 | 0.79 | | 10-06-21 | 34117.72 | 0.44 | |
| 16-11-20 | 220860.72 | 14 | | 09-06-21 | 34117.28 | 362.26 | |
| 15-11-20 | 220846.72 | 22.69 | | 08-06-21 | 33755.02 | 259.49 | |
| 14-11-20 | 220824.03 | 20.78 | | 07-06-21 | 33495.53 | 359.61 | |
| 13-11-20 | 220803.25 | 364.82 | | 06-06-21 | 33135.92 | 262.19 | |
| 12-11-20 | 220438.43 | 21.72 | | 05-06-21 | 32873.73 | 0.45 | |
| 11-11-20 | 220416.71 | 372.42 | | 04-06-21 | 32873.28 | 335.68 | |
| 10-11-20 | 220044.29 | 400.61 | | 03-06-21 | 32537.6 | 341.92 | |
| 09-11-20 | 219643.68 | 201.76 | | 02-06-21 | 32195.68 | 22.58 | |
| 08-11-20 | 219441.92 | 370.98 | | 01-06-21 | 32173.1 | 384.15 | |
| 07-11-20 | 219070.94 | 234.07 | | 31-05-21 | 31788.95 | 251.97 | 75.58 |
| 06-11-20 | 218836.87 | 392.13 | | 30-05-21 | 31536.98 | 18.63 | |
| 05-11-20 | 218444.74 | 132.56 | | 29-05-21 | 31518.35 | 20.13 | |
| 04-11-20 | 218312.18 | 354.29 | | 28-05-21 | 31498.22 | 443.16 | |
| 03-11-20 | 217957.89 | 6.67 | | 27-05-21 | 31055.06 | 301.19 | |
| 02-11-20 | 217951.22 | 4.14 | | 26-05-21 | 30753.87 | 12.01 | |
| 01-11-20 | 217947.08 | 176.57 | | 25-05-21 | 30741.86 | 8.01 | |
| 31-10-20 | 217770.51 | 168.8 | 40.28 | 24-05-21 | 30733.85 | 7.07 | |
| 30-10-20 | 217601.71 | 1.17 | | 23-05-21 | 30726.78 | 593.27 | |
| 29-10-20 | 217600.54 | 1.57 | | 22-05-21 | 30133.51 | 45.9 | |
| 28-10-20 | 217598.97 | 2.44 | | 21-05-21 | 30087.61 | 6.75 | |
| 27-10-20 | 217596.53 | 178.78 | | 20-05-21 | 30080.86 | 6.09 | |
| 26-10-20 | 217417.75 | 1.29 | | 19-05-21 | 30074.77 | 3.43 | |
| 25-10-20 | 217416.46 | 2.03 | | 18-05-21 | 30071.34 | 7.41 | |
| 24-10-20 | 217414.43 | 217414.4 | | 17-05-21 | 30063.93 | 30063.93 | |

૪.૬ સદર કેઈસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા જણાયછે કે અરજદારના ૪૨ કી.વો.ની સાપેક્ષમાં સવાલવાળા મીટરમાં વીજ વપરાશ ઓછો નોંધાયેલ છે તેમજ સદર બાબત પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૮-૦૧-૨૦૨૧ ના રોજ કરાયેલ વીજ ચેકિંગ દરમ્યાન મીટર -૩૯.૯૦% સ્લોનેશ નોંધાયેલ છે તેમજ મીટરના એમ.આર.આઈ. ડેટા મુજબ તા.૦૬-૦૪-૨૦૧૭ થી **Y-PT** મીસીંગ બતાવે છે જે તમામ બાબતો સુસંગત જણાય છે.

૪.૭ **As per Clause 8.1 of GERC (Standard of Performance of Distribution Licensee) Regulation 2005."The Licensee shall regularly inspect, check and test the meters. However, the periodicity of such inspection shall not be less than that as may be provided by the Central Electricity Authority in their Regulations on Installation & Operation of the meters."**

વધુમાં, નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં – ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં ક્સુરને કારણે બાકી નીકળતી રકમ – આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષ ની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમની કલમ – ૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

૪.૮ સદર કેઈસમાં વિગતવાર અભ્યાસ કરતા ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અને ૪.૪ મુજબ અરજદારને અપાયેલ એપ્રિલ-૨૦૧૭ થી માહે જાન્યુઆરી-૨૦૨૧ સુધીના સમયગાળાનું રૂ.૧૧૧૩૬૪૦-૪૪ નું સ્લોનેશનું પુરવણીબીલ પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૦-૦૩-૨૦૨૧ અને તા.૨૫-૦૬-૨૦૨૧ ના રોજ અરજદારને રજીસ્ટર એડી પત્ર દ્વારા મોકલાવવામાં આવેલ છે જે રદ કરીને નવું પુરવણીબિલ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી અગાઉના ૦૨ વર્ષના સમયગાળાનું વિગતવાર ગણતરીપત્રક સાથે અરજદારને આપવાની પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં અરજદારને સદર રીવાઈઝ બીલની રકમને ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા. જે હપ્તાની રકમ અરજદારે અનુક્રમે તા.૩૦-૧૦-૨૦૨૧,તા.૩૦-૧૧-૨૦૨૧,તા.૩૧-૧૨-૨૦૨૧ અને તા.૩૧-૦૧-૨૦૨૨ થી ભરપાઈ કરવાની રહેશે અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

પીજીવીસીએલ કક્ષાએથી સદર વીજજોડાણનું સમયાંતરે **Central Electricity Authority** ની મીટરની તપાસણી અંગેની ગાઈડલાઈન મુજબ – કાર્યવાહી થયેલ નથી જે ખુબજ ગંભીર બાબત હોય તેમજ કંપનીને નાણાકીય નુકશાન થયેલ છે જે બાબતે પી.જી.વી.સી.એલ. કક્ષાએથી જવાબદાર અધિકારી / કર્મચારી સામે નિયમાધીન કાર્યવાહી કરવી તેમજ સદર બાબતોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં સદર પ્રકારની તકરાર ઉભી ન થાય તેવા યોગ્ય પગલા લેવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૪.૯ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯